રૂઘનાથદાસ કૃત

વહાલાજીના મહીના.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર લલ્લુભાઈ અમુલખદાસ

ઠે. માણેકચોક—અમદાવાદ તથા ડાકોર.

આવૃત્તિ ૫ મી પ્રત ૪૦૦૦.

સંવત ૧૯૬૮—સને ૧૯૨૨

શા. પોપટલાલ અમથાભાઈએ છાપ્યો. શ્રીજૈનવિદ્યાવિજય પ્રેસ રીચીરોડના પુલ નીચે અમદાવાદ નં. ૧૧૬

કીમત રૂ. ૦-૧-૦.

અમારી દુકાને સર્વે જાતનાં પુસ્તકો મળશે.

	કીમત.
[illegible]વતની ગુજરાતી ટીકાવાળી	રૂા. ૧—૦—૦
[illegible]રજુન ગીતા તથા ધર્મ ગીતા	રૂા. ૦—૨—૦
[illegible]ાત સંગ્રહ નરસી મેતાના	રૂા. ૦—૪—૦
[illegible]ર સુંદર ગરબાવળી બાર ભાગ	રૂા. ૦—૧૦—૦
[illegible]રસમણી ભજન સંગ્રહ	રૂા. ૦—૧—૦
[illegible]ની જુગટાં રમવાના	રૂા. ૦—૧—૦
[illegible] જાતનાં પંચાંગ પણ મળશે	
[illegible]ા, જનોઈ બેટા, આસન ગોમુખીઓ મળશે.	
[illegible]ડના ગરબા	રૂા. ૦—૨—૦
[illegible]માન ચાલિસા ગુજરાતી	રૂા. ૦—૨—૦
[illegible]વર—માણેકલાલ ભગતનો	રૂા. ૦—૩—૦
[illegible]રસ—ગુજરાતી ટીકાવાળી	રૂા. ૦—૨—૦
[illegible]ળ સંધ્યા ગુજરાતી ટીકાવાળી	રૂા. ૦—૨—૦
[illegible]રા માડની વાર્તા મોટી	રૂા. ૦—૮—૦

ઉપર લખેલાં તથા બીજાં દરેક જાતનાં પુસ્તકો મળશે.

બુકસેલર—લલ્લુભાઇ અમુલખદાસ.
ઠેકાણું. માણેકચોક—અમદાવાદ.



વાલાજીના મહીના

અથ શ્રી વાલાજીના મહીના લખ્યા છે.

કારતક મહીને મહેલી ચાલ્યા કંથરે વાલાજી,
પ્રીતલડી તોડીને આણ્યો અંત મારા વાલાજી;
પેઉજી મારા શું ચાલ્યા પરદેશ વાલાજી;
મંદીરીઆમાં મેલ્યાં બાળેવેશ મારા વાલાજી;
ભર દરીયામાં મુજને મેહેલી વહેતીરે વાલાજી
આવડલી વાતો હું નવ લેતી મારા વાલાજી
મેં જાણ્યું જે ઉજળું એટલું દુધરે વાલાજી;
જાત્રાને દીવસડે માંડયા જુધ મારા વાલાજી;
સામરીઆ તમે શીદ થયા છો ખારારે વાલાજી;
કે આગળ જઇ કરીએ કષ્ટ વિસારા મારા વાલાજી;
તમે અમારા દુખડાના છો જાણરે વાલાજી;
પ્રીતલડી ઉપર બંધાણા પ્રાણ મારા વાલાજી;

થોડેને દિવસડે અમને મળજોરે વાલાજી;
શોભણના સ્વામીજી વહેલા વળજો મારા વાલાજી;
માગશર મહીને મંદીર ખાવા ધાય રે વાલાજી,
એકલડી દાસીના દીન કેમ જાય મારા વાલાજીઃ

શરીર મારૂ સરપતણો છે ભારોરે વાલાજી
ઉગરવાનો એકે નથી આરો મારા વાલાજી
જાય મારૂં જોબનીયું ભરપુરરે વાલાજી
આવે દીવસે કંથ ગયા કેમ દુર મારા વાલાજી

નાગરવેલ તો નીર વીના સુકાયરે વાલાજી
મુળમાંથી ઉપજી વહેતી લાય મારા વાલાજી
વાલા તમારી વાડીઓ વણશી જાયરે વાલાજી
રોયા વિના તો પોપટ પંખી ખાય મારા વાલાજી

ધણી વિનાનાં નીરધનીયાં લુટાયરે વાલાજી
ગોકુળમાં કેની ઓથે રહેવાય મારા વાલાજી
પીયુજી મારા પુરણ કીરપા કરજોરે વાલાજી
શોભણના સ્વામીજી વહેલા વળજો મારા વાલાજી

પોષ મહીને પડીયા અમને સોશરે વાલાજી
ડાવા જોશીડા જુએ જોષ મારા વાલાજી
કારણથી નાઠ્યા સુંદરસ્યામરે વાલાજી

તરછોડીને ચાલ્યા ગોકુળ ગામ મારા વાલાજી
એઉ બંધવના લખજો કુશળ ક્ષેમરે વાલાજી
વધામણી વાંચતાં આવે પ્રેમ મારા વાલાજી
હૈયામાંથી નથી ઓલાતો ખટકોરે વાલાજી
કાગળીઓ લખી મોકલજો કટકો મારા વાલાજી
શાહી વીનાનો હડતાળો દેવાઇરે વાલાજી
ભુધરજી તમે કેમ ભુલ્યા ચતુરાઇ મારા વાલાજી
ચતુર હોય તેને ચારે દેશે કુપરે વાલાજી
શામળીઆ સાંભળજો મારી બુમ મારા વાલાજી
ઘડી ગણતામાં માસ વીત્યા ત્રણરે વાલાજી
થોભણના સ્વામીજી રાખો શરણે મારા વાલાજી
મહા મહીનાની સેજલડી છે સુનીરે વાલાજી
ગાતરની ઘાટડીઓ ભીડુ કેની મારા વાલાજી
બાથલડી તો કેની કંઠે નાંખુરે વાલાજી
હૈયાના હીંડાળા મનમાં રાખુ મારા વાલાજી
વાવલીઆ તે ઠંડા શીતળ વાયરે વાલાજી
શીઆળો હાલ્યો તે કેમ રહેવાય મારા વાલાજી
અમ ઉપરતો દુખનો ડુંગર વાળ્યોરે વાલાજી
શા માટે શીયાળો ઘેર ના ગાળ્યો મારા વાલાજી

દેહ તણાતો દુખડાં કોને કહીએરે વાલાજી
આંસુડાં ગાળીને થાકી રહીએ મારા વાલાજી
તેજ અમારી આંખતણાં તો ઉડ્યાંરે વાલાજી
હસવાને રમવા તો સરવે ભુલ્યાં મારા વાલાજી
ઓચીંતાં આવીને પડીઆં દુખડાં રે વાલાજી
ચોભણના સ્વામીજી આપો સુખડાં મારા વાલાજી

ફાગણ મહીને સુંદર આવ્યાં ફુલરે વાલાજી
એ દેખી અંતરમાં ઉપજે શુળ મારા વાલાજી

વસંત ઋતુમાં વીરહ ઉઠે છે ભારીરે વાલાજી
જવું હતું ત્યારે ઝેરદઈ કાં નવ મારી મારા વાલાજી

ઓ પેલાં આહીરડાં ખેલે હોળીરે વાલાજી
સરખી સહીયરની મળી છે ટોળી મારા વાલાજી

ચુવા ચંદન ઉડે અબીલ ગુલાલરે વાલાજી
ભેર ભુંગળને વાગે મરદંગ તાલ મારા વાલાજી

જેને મળી છે ઘેરઇઆની ટોળીરે વાલાજી
ઓ પેલી પાડોશણ રંગમાં રોળી મારા વાલાજી

હરી અમારે હઇયે હરખ ન માયરે મારા વાલાજી
ગોકુળની ગોપીઓ તમને ગાય મારા વાલાજી

આ વેળા તમે અંત્રીક્ષથી ઉતરજોરે વાલાજી
થોભણના સ્વામીજી વહારે ચડજો મારા વાલાજી
ચઈતર માસે મોહોરી તમારી વાડીરે વાલાજી
કરમાણાતા તેણે કુપળ કાઢી મારા વાલાજી
વંદ્રાવનમાં ભારે દાડમ ફાલ્યાં રે વાલાજી
ભીતરીઆમાં ભારે દુખડાં સાલ્યાં મારા વાલાજી

ભાત ભાતનાં ફુલડાં ફાલ્યાં બહોળાંરે વાલાજી
લીલાં પીળાં ને રાતાં ધોળાં મારા વાલાજી
કાળી કોયલ બોલે મધુરા બોલરે વાલાજી
ભમરા ગુંજારવના ઉડે સોર મારા વાલાજી

ડમરો મરવો ગુલાબને ગુલતોરારે વાલાજી
છોગલડાં મુકવાને આવો ઓરા મારા વાલાજી
અગર ચંદનની શોભા નથી અધુરીરે વાલાજી
તેને તળે તો બેસો સભા પુરી મારા વાલાજી

જળ જુમનાનાં છાંટીઆં છંટાવુંરે વાલાજી
થોભણના સ્વામીજી તમને ભાવું મારા વાલાજી
વઈશાખ માસે વાટ તમારી ન્યાળુંરે વાલાજી
આંખલડી ઉઘાડી ચોદેશા ભાળું મારા વાલાજી
જંખનામાં તો જાય છે આઠે પહોરરે વાલાજી

મંદીરીયામાં નથી વહેતું સોર મારા વાલાજી
જીવ અમારા આકુળવ્યાકુળ થાયરે વાલાજી
ઘડી એકમાં તો જન્મારો વહી જાય મારા વાલાજી
દુખડામાંથી સુખનો લેતા લાભરે વાલાજી
ઓચીંતો અમ ઉપર ફાટયે: આભ મારા વાલાજી
જળના જીવડા દળ વાદળ કેમ રહેશેરે વાલાજી
તરણા ઉપર કેમ મેરૂ રહેશે મારા વાલાજી
કીડી ઉપર કટક ચડાવી લાવ્યારે વાલાજી
બાલપણુમાં વીખના છોડ વાવ્યા મારા વાલાજી
શું નાંખો છો તાણીને તરછોડી મારા વાલાજી
જેઠ માસે જોઇ રહી છું દેઠરે વાલાજી
ઉનાળો ઉલ્યો પણ નવ થઇ ભેટ મારા વાલાજી
ઘડી ગણતાં માસ ગયા છે આઠરે વાલાજી
આગળ આવ્યા અસાડીના ઘાટ મારા વાલાજી
જીવણ તમને બહુ ઘણી લુ વાશેરે વાલાજી
ઉનાળાની આંચે દેહ કરમાશે મારા વાલાજી
પીયુડા તમારી કુમકુમવરણી સોળરે વાલાજી
મંદીરીએ આવો તો ચંદન ચોળુ મારા વાલાજી
ઝીંઝણીએ વાવલીયા ઢોળાવું રે વાલાજી

શીતળ જળ ઝારીઓ આગળ લાવું મારા વાલાજી
તારે અરથે આંગણુ સ્વચ્છ કરાવુરે વાલાજી
શીતળ વા સંગાથે રાસ રમાડું મારા વાલાજી
જાદવ તમને ઝીણાં વસ્ત્ર પહેરાવું રે વાલાજી
શોભણુના સ્વામીજી લાડ લડાવું મારા વાલાજી
અશાડ માસે આવી મેઘ ધડુકેરે વાલાજી
વીજળીઓ ચમકેને જોર જબુકે મારા વાલાજી
અવધ ઉપર સરવે આવી ઉભુરે વાલાજી
શામળીયા વિણુ કોની જોડે શોભુ મારા વાલાજી
ઘેર વળ્યા જે ગયા હતા પરદેશરે વાલાજી
પીઉજી મારા કોનાં ઓઠાં લેશ મારા વાલાજી
આ ચોઘડીએ એવો ઉપન્યો નેહરે વાલ.જી
પ્રાણુ તજુ કે પાડુ મારો દેહ મારા વાલાજી
કાં જાણું જે ભૈરવજવ જઇ ખાવુરે વાલાજી
કાશીએ જઇને કરવત મુકાવું મારા વાલાજી
કાં જાણું જે જોગ ધરીને જાવુ રે વાલાજી
તમારા વીજોગે ચોદીશ ધાવું મારા વાલાજી
જોયા વિનાનો જંપજ નથી વળતોરે વાલાજી
શોભણુના સ્વામીજી શે નહી મળતા મારા વાલાજી

શ્રાવણ માસે શરવડીયાની ઝડીઓરે વાલાજી
એલી નથી ઉઘડતી ઘડીએ મારા વાલાજી
વા વાદળને વાય છે બહુ સોરરે વાલાજી
નાની મોટી નદીએ આયા પુર મારા વાલાજી
કંથ વીના કામનીએ કેમ ખમાસેરે વાલાજી
પરદેશી પેઉડાની પ્રીત જણાશે મારા વાલાજી
જે કાનુડે કંસનું કરયું નીકંદનરે વાલાજી
તે કાનુડા કોનું ઠારે મન મારા વલાજી
આ વાલાનો અધુરો ઘરવાસરે વાલાજી
માશી મારી તેનો શો વિશ્વાસ મારા વાલાજી
દોરાં ચાર્યાં તેનો તો શો તોલરે વાલાજી
વાટેને ઘાટે દો જુઠા કોલ મારા વાલાજી
ભુદરજી તમે ભરવાડા વટ રાખીરે વાલાજી
થોભણના સ્વામીજી જુઓ ઝાંખી મારા વાલાજી
ભાદરવે ભર નીંદ્રા લાગી મીઠીરે વાલાજી
સ્વપ્નમાં તો તારી મુરતિ દીઠી મારા વાલાજી
માંથે મુગટ પીતાંબર છે પહેર્યાંરે વાલાજી
તીલક છાપને ટપકાં કેશર કેરાં મારા વાલાજી
પાતળીયાનો પટકો જોઇને અટકીરે વાલાજી

તે વેળાએ દુઃખડાં ચાલ્યાં સટકી મારા વાલાજી
કાને કુંડળ કંઠે મોતી હારરે વાલાજી
જરકશીને જામે ઝળકે તાર વાલાજી
વાંસલડીને વરણાગી શી કહીએરે વાલાજી
ઘુઘરીઓ દેખીને ઘેલા થઇએ મારા વાલાજી
વધામણી તો આવે વારંવારરે વાલાજી
શોભણના સ્વામી મળીયા મોરાર મારા વાલાજી
આસો માસે આવી વાયસ બોલેરે વાલાજી
ચોકમાં આવીને ચાસડોલે મારા વાલાજી
વધામણી કોઈ લાવે આણી વારરે વાલાજી
કંઠેથી આપુ એકાવન હાર મારા વાલાજી
તરીયાં તોરણ બાંધુ મારે દ્વારરે વાલાજી
ઘરમાં ઘાલુ કુમકુમવરણી ગાર મારા વાલાજી
સોનાને શીફળે પુરૂ થાળરે વાલાજી
ભેર ભુંગળ વજડાવું મરદંગ તાલ મારા વાલાજી
ચાલો સજની વઈકુંઠનાથ વધાવારે વાલાજી
શોભણના સ્વામીજી મંદીર આવ્યા મારા વાલાજી
બારે માસે આવી ઝાલ્યો હાથરે વાલાજી
મોતીડે વધાવ્યા વૈકુંઠનાથ મારા વાલાજી

પુરૂષોતમજી પુરૂષોતમ માસ વડોરે વાલાજી
દયા કરી તે દિવાળીનો દહાડો મારા વાલાજી
હરી અમારે આણંદ ઓછવ થાયરે વાલાજી
માનુનીઓ મળીને મંગળ ગાય મારા વાલાજી
સેવક સરવે આરતીઓ ઉતારેરે વાલાજી
અલબેલાજી ઉપર તનગનરે વાલાજી
ખાનપાનને પકવાન મીઠા મેવારે વાલાજી
જમુના જળઝારીઓ આચમન લેવા મારા વાલાજી
લવીંગ સોપારી એલચી આદરમાનરે વાલાજી
વાળી આપુ બીડેલ બાસડ પાન મારા વાલાજી
સંપુરણ થઇ હરીની લીલા સોળેરે વાલાજી
ચતુરા ઉભી રહી ચમર ઢોળે મારા વાલાજી
સુખ સજ્યામાં પોહઢાડું નંદલાલરે વાલાજી
વીઠલજી હસીને લડાવું લાડ મારા વાલાજી
જનમો જનમ આપો વાસરે વાલાજી
શોભણના સ્વામીએ પુરી આશ મારા વાલાજી.

ઇતિ શ્રી વાલાજીના મહિના સંપુર્ણ.

—→※○※←—

ભજનનાં પુસ્તકો.

શ્રી રામચંદ્રજીના ધ્યાનની સ્તુતી.

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવભયદારૂંણું
નવ કંજ લોચન કંજ મુખકર કંજ પદ કંજારૂણં
કંદર્પ અગણીત છબી નવનીલ નીજ સુંદીરં,
પટપીત માનહું તડીત રૂચીસુચી નૌમી જનક સુતાવરં
સીર કેસ કુંડલ તીલક ચારૂં ઉધાર અંગ વિભુસણં,
અજાન ભુજસર ચાપધર સંગ્રામ જીત ખર દુષણં,
ભજે દીનબંધુ દીનેસ દાનવ દલન દુષ્ટ નિકંદન,
રઘુનંદ આનંદ કંદ કોશલ્ય ચંદ દસરથ નંદનં
ઇતી વદત તુલસીદાસ સંકર સેષ મુની મનરંજનં,
મમ રહ્યે કંજ નીવાસ કરૂ કામાદી ખળદળ ગંજનં

સમાપ્ત.



ગોસ્વામી શ્રી તુલસીદાસજી કૃત.

રામાયણ.

(ગુજરાતીમાં) શ્રી રામાયણ એ શાસ્ત્રનું શાસ્ત્ર ઇતિહાસનો ઇતિહાસ છે અને જ્ઞાન તેમજ ઉપદેશથી અક્ષરે અક્ષર રસમય બનેલું વાર્તામય વાંચન છે આ તુલસીદાસની રસમય વાણીથી રચેલું છે કે તેનું રસામૃત પાન કરતાં ભક્તોનાં હૃદય ઉછળવા લાગે છે અને ભક્તિરસથી ઉછળી ઉછળીને ઉભરાઈ જાય છે બાળબોધ ન જાણનાર સારૂ આનો મૂળભાગ પણ ગુજરાતી અક્ષરમાંજ રાખેલો છે જેથી થોડું ભણેલાં સ્ત્રી પુરૂષો તુલસીદાસની અમુલ્ય વાણી ઘણીજ સહેલાઈથી વાંચી સમજી શકે છે. ઉંચા કાગળ પાકું સોનેરી પુઠું ડાબલ ક્રાઉન સોળ પેજી મોટા ૧૧૫૦ પૃષ્ઠ છતાં કિં રૂ. ૧૦-૦-૦ પોસ્ટેજ ૧-૮-૦

મળવાનું ઠેકાણું.

શા. લલ્લુભાઈ અમુલખદાસ

ઠે. માણેકચોક—અમદાવાદ.

